# શ્રી ભરાડ વિદ્યા મંદિર–રાજકોટ

**ધોરણ : ૧૦** **સજેશન પેપર–૨** **સમયઃ ૩ કલાક**

**વિષય : સામાજિક વિજ્ઞાન (૧૦)** **કુલ ગુણઃ ૧૦૦**

**સમય : 75 મિનિટ** **PART - A** **Marks :50**

(1) રંગે શ્યામ, લાંબુ–પહોળું માથું, ચપટું નાક, ટૂંકું કદ ધરાવતી જે પ્રજા પ્રાચીન ભારતમાં આવી હતી તે........
(a) દ્રવિડ પ્રજા હતી (b) આર્મેનોડી પ્રજા હતી (c) મોંગોલોઈડ પ્રજા હતી (d) ઓસ્ટ્રેલોઈડ(નિષાદ)પ્રજા હતી

(2) ભારતીય સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોમાં નીચેના પૈકી એક લક્ષણ નથી......
(a) વિવિધતામાં એકતા (b) આધ્યાત્મિકતા (c) સહિષ્ણુતા (d) સાંપ્રદાયિકતા

(3) ગુજરાતમાં કયું શહેર જરી ઉદ્યોગ માટે પ્રખ્યાત છે ?
(a) સુરત (b) ભુજ (c) અમદાવાદ (d) ભરૂચ

(4) કચ્છના બન્ની વિસ્તારના 'જત' લોકોની અદ્‌ભુત સિદ્ધિ કઈ છે ?
(a) વણાંટ કામ (b) ભરતગૂંથણ કલા (c) માટીકામ (d) મીનાકામ

(5) કયો યુગ ભારતીય કલાનો સુવર્ણયુગ કહેવાય છે ?
(a) પાંડયયુગ (b) મૌર્યયુગ (c) ચોલયુગ (d) ગુપ્તયુગ

(6) દેલવાડાનાં જૈન મંદિરો કયા રાજયમાં આવેલાં છે ?
(a) મધ્યપ્રદેશ (b) ગુજરાત (c) રાજસ્થાન (d) મહારાષ્ટ્ર

(7) મૌર્યકાળના સ્થાપત્યની સૌથી મોટી ઉપલબ્ધિ કઈ છે ?
(a) સાંચીનો સ્તૂપ (b) મહાબલિપુરમ્ (c) સોમનાથ (d) પેગોડા

(8) ઋગ્વેદના છંદોનું ગાન કરવાની વિધિ શેમાં બતાવવામાં આવી છે ?
(a) વેદાંગ (b) અથર્વવેદ (c) યજુર્વેદ (d) સામવેદ

(9) દ્રવિડકુળની ભાષાઓમાં સૌથી પ્રાચીન ભાષા કઈ છે ?
(a) તમિલ (b) તેલુગુ (c) કન્નડ (d) મલયાલમ

(10) અમીર ખુશરો દિલ્લીની આજુબાજુ બોલાતી ભાષાને શું કહેતો હતો ?
(a) 'ફારસી' (b) 'ઉર્દૂ' (c) 'હિંદવી (d) 'ભારતી'

(11) ભારતનો સૌથી ઊંચો મિનાર કયો છે ?
(a) તાજ મિનાર (b) લાલ મિનાર (c) કુતુબ મિનાર (d) બુલંદ મિનાર

(12) તરણેતરનો મેળો કયા રાજયનો પ્રખ્યાત મેળો છે ?
(a) ગુજરાત (b) કેરળ (c) મહારાષ્ટ્ર (d) રાજસ્થાન

(13) ઓરિસ્સામાં કયું સૂર્યમંદિર આવેલું છે ?
(a) પટ્ટદકલનું (b) કોણાર્કનું (c) ખજૂરાહોનું (d) થંજાવુરનું

(14) બૃહદેશ્વર મંદિર બીજા કયા નામે ઓળખાય છે ?
(a) દેવાધિદેવ મંદિર (b) રાજરાજેશ્વર મંદિર (c) લાગુઆ મહાદેવ મંદિર (d) હજારા મંદિર

(15) પોંગલ કયા રાજયનો તહેવાર છે ?
(a) કર્ણાટક (b) કેરળ (c) તમિલનાડુ (d) આંધ્રપ્રદેશ

(16) 'શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર' કયાં આવેલું છે ?
(a) પાલડી, અમદાવાદ (b) કોબા, ગાંધીનગર (c) મણિનગર, અમદાવાદ (d) સાબરમતી, અમદાવાદ

(17) ભારત સરકારે 'રાષ્ટ્રીય સ્મારકો'ની જાળવણીનું કામ કોને સોંપ્યું છે ?
(a) પ્રવાસ અને પર્યટન ખાતાને (b) પર્યાવરણ ખાતાને (c) પુરાતત્વ ખાતાને (d) શિક્ષણ ખાતાને

(18) નવી દિલ્લીમાં કયું સંગ્રહાલય આવેલું છે ?
(a) ડયૂક ઓફ વેલ્સ (b) પ્રિન્સ ઓફ વેલ્સ (c) નેશનલ આર્કાઈવ્ઝ (d) ચાર્લ્સ ઓફ વેલ્સ

(19) નદીઓના નવા કાંપથી બનેલી જમીન કયા નામે ઓળખાય છે ?
(a) બાંગર (b) ખદર (c) રેગુર (d) પડખાઉ

(20) કયાં સંસાધનો અનવીનીકરણ છે ?
(a) પ્રાણીઓ (b) જંગલો (c) ખનીજો (d) સરોવરો

(21) કયા પ્રકારની જમીનમાં ક્ષારકણોની અધિકતા અને જૈવિક પદાર્થોની ઓછપ જોવા મળે છે ?
(a) કાળી (b) રાતી (c) કાંપની (d) રેતાળ

(22) ભારતમાં ચિત્તો કઈ કક્ષાનું પ્રાણી છે ?
(a) લુપ્ત (b) વિનાશના આરે (c) ભયના આરે (d) વિરલ

(23) 29 ડિસેમ્બર કયા દિવસ તરીકે ઊજવાય છે ?
(a) વન્ય પ્રાણી દિવસ (b) વિશ્વ પર્યાવરણદિન (c) જૈવ વિવિધતા દિવસ (d) વિશ્વ વનદિન

(24) કઈ ખેતપદ્ધતિમાં પાકની માવજત અને સંવર્ધન કરવું પડે છે ?
(a) બાગાયતી ખેતી (b) સઘન ખેતી (c) આત્મનિર્વાહ ખેતી (d) સ્થળાંતરિત ખેતી

(25) કોસી યોજના કયા રાજયમાં આવેલી છે ?
(a) મધ્ય પ્રદેશ (b) બિહાર (c) ઝારખંડ (d) છત્તીસગઢ

(26) બોકસાઈટમાંથી કઈ ધાતુ મેળવવામાં આવે છે ?
(a) બેરિયમ (b) બેરિલિયમ (c) એલ્યુમિનિયમ (d) સીસું

(27) કઈ ધાતુ ઉત્તમ વિદ્યુતવાહક છે ?
(a) અબરખ (b) ચાંદી (c) લોખંડ (d) તાંબુ

(28) આધુનિક યુગને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(a) ખનીજયુગ (b) ધાતુયુગ (c) લોહયુગ (d) તામ્રયુગ

(29) વિશ્વમાં સૌથી વધુ ઊર્જા શામાંથી મેળવાય છે ?
(a) ખનીજ તેલમાંથી (b) ખનીજ કોલસામાંથી (c) કુદરતી વાયુમાંથી (d) પરમાણુ શકિતમાંથી

(30) દેશમાં ગુજરાત રાજય વધુ શું મેળવે છે ?
(a) પવન શકિત (b) ભરતીશકિત (c) ગોબર ગેસ (d) સૂર્યશકિત

(31) ભારતનું કયું શહેર ઈલેકટ્રોનિક ઉદ્યોગની રાજધાની ગણાય છે ?
(a) દિલ્લી (b) બેંગ્લોર (c) મુંબઈ (d) હૈદરાબાદ

(32) નીચેનામાંથી એક જોડકું ખોટું છે. તે શોધીને ઉત્તર લખો.
(a) રેલવે ઍંજિન–ચિત્તરંજન (b) રેલવેના ડબ્બા–પેરામ્બુર (c) જહાજ (દરિયાઈ)–કંડલા (d) હવાઈ જહાજ–કોરાપુટ

(33) ભારતે વર્ષ 2004-2005 માં કયો ઉપગ્રહ તરતો મૂકયો ?
(a) એજયુસેટ (b) આર્યભટ્ટ (c) રોહિણી (d) એપોલો

(34) નીચેનામાંથી કઈ આર્થિક પ્રવૃતિ માધ્યમિક ક્ષેત્રની પ્રવૃતિ છે ?
(a) અણુશસ્ત્રોનું ઉત્પાદન (b) મત્સ્યોદ્યોગ (c) બેન્કિંગ કામગીરી (d) પશુપાલન

(35) વિકાસશીલ દેશોના અર્થતંત્રના માળખાનું સ્વરૂપ કેવું હોય છે ?
(a) પછાત અને રૂઢિચુસ્ત (b) પ્રગતિશીલ (c) વિકાસવિરોધી (d) દ્વિમુખી

(36) ખેતી તેમજ ખેતી સાથે સંલગ્ન પ્રવૃત્તિઓનો સમાવેશ કયા ક્ષેત્રમાં થાય છે ?
(a) પ્રાથમિક ક્ષેત્ર (b) સેવાક્ષેત્ર (c) માધ્યમિક ક્ષેત્ર (d) પૂર્વ પ્રાથમિક ક્ષેત્ર

(37) બજાર પદ્ધતિથી વ્યકિતનું કયું સ્વાર્થ જળવાય છે ?
(a) નાગરિક (b) આર્થિક (c) સાંસ્કૃતિક (d) સામાજિક

(38) સરકારી અંકુશો અને નિયમનો ક્રમશઃ ઘટાડતા જઈને બજારતંત્ર દ્વારા આર્થિક નિર્ણયો લેવામાં આવે તેવી વ્યવસ્થા એટલે.....
(a) ખાનગીકરણ (b) આર્થિક ઉદારીકરણ (c) વૈશ્વિકીકરણ (d) ઉદ્યોગીકરણ

(39) બજારનો રાજા કોણ ગણાય છે ?
(a) વેપારી (b) ઉત્પાદક (c) ગ્રાહક (d) વિક્રેતા

(40) ભાવોના વલણો જાણવા માટે પ્રથમ કયું વર્ષ પસંદ કરવામાં આવે છે ?
(a) પાછલું (b) પાયાનું (c) તીવ્ર ફુગાવાવાળું (d) ચાલુ

(41) એગમાર્કનો કાયદો કયારે અમલમાં આવ્યો ?
(a) ઈ.સ. 1937 માં (b) ઈ.સ. 1947 માં (c) ઈ.સ. 1986 માં (d) ઈ.સ. 1962 માં

(42) ભારતના નાગરિકોને સમાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય આપવાનો સંદેશ કોણ આપે છે ?
(a) ભારતના રાષ્ટ્રપ્રમુખ (b) ભારતા બંધારણનું આમુખ (c) ભારતની સર્વોચ્ચ અદાલત (d) ભારતના વડાપ્રધાન

(43) જીવનધોરણ કોના દ્વારા મપાય છે ?
(a) વાર્ષિક આવક દ્વારા (b) રાષ્ટ્રીય આવક દ્વારા (c) માથાદીઠ આવક દ્વારા (d) દૈનિક આવક દ્વારા

(44) કેન્દ્રના કયા સંસદગૃહમાં કોઈ બેઠક અનામત રાખવામાં આવી નથી ?
(a) વિધાનસભા (b) લોકસભા (c) રાજયસભા (d) વિધાન પરિષદમાં

(45) અનુસૂચિત જાતિની યાદીમાં કયા ધર્મો પાળનાર જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

**અથવા**

કયા બે ધર્મોમાં અસ્પૃશ્યતા પ્રવર્તે છે ?
(a) હિંદુ અને શીખ ધર્મ (b) ખ્રિસ્તી અને શીખ ધર્મ (c) હિંદુ અને ખ્રિસ્તી ધર્મ (d) બૌદ્ધ ધર્મ અને શીખ ધર્મ

(46) આપણા બંધારણના ઘડવૈયાઓને નાગરિકોના અધિકારોની પ્રેરણા શામાંથી થયેલી છે ?
(a) 'ચાર્ટર ઓફ ફ્રીડમ' (b) 'ચાર્ટર ઓફ એટ્‌લેટિક' (c) 'ચાર્ટર ઓફ રાઈટ્સ' (d) 'ચાર્ટર ઓફ મેનકાઈન્ડ'

(47) ભ્રષ્ટાચાર શેનું પરિણામ છે ?
(a) બેઈમાની (b) ગરીબી (c) લાલચ (d) છેતરપીંડી

(48) વિકલાંગનો વિષય આજે વશ્વ માટે શું છે ?
(a) ચિંતા (b) માનવતા (c) લાગણી (d) ગંભીર

Marks :50

(49) સરકારી નોકરીઓમાં વિકલાંગો માટે કેટલા ટકા અનામત જગ્યાઓ રાખવાની જોગવાઈ છે ?
(a) 8 ટકા (b) 5 ટકા (c) 3 ટકા (d) 4 ટકા

(50) નાગરિકનું અનિવાર્ય લક્ષણ કયું છે ?
(a) ફરજ (b) અધિકારો (c) અસમાનતા (d) સાંપ્રદાયિકતા

---

**સમય : 2 કલાક** **PART - B** **Marks :50**

## SECTION - A

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના બે ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (10)**

(1) સંસ્કૃતિ માનવીને 'જીવન જીવવાની રીત' (The Way of LIfe) શીખવે છે એમ શાથી કહી શકાય ?
(2) ગાંધાર શૈલીની કલાનો પરિચય આપો.
(3) આપણા વારસાનું સંરક્ષણ શાથી ચિંતાજનક બન્યું છે ? **અથવા**
સંસાધનોના આયોજનના તબક્કાઓ જણાવો.
(4) સામાજિક વનીકરણ એટલે શું ?
(5) વૈશ્વિકીકરણની કૃષિક્ષેત્રે કઈ કઈ અસરો થઈ છે ?

## SECTION - B

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના બે ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (10)**

(6) પશ્ચિમ બંગાળની મોટા ભાગની શણની મિલો હુગલી નદીના કિનારે આવેલી છે. કારણ આપો.

**અથવા**

પર્યાવરણીય અવક્રમણ એટલે શું ?
(7) મિશ્ર અર્થતંત્રના લાભ જણાવો.
(8) વૈશ્વિકીકરણ સાથે કઈ બાબતો સંકળાયેલી છે ?
(9) ભારતમાં સ્ત્રી–મૃત્યુદર ઘટાડવા માટે શું કરવું જોઈએ ?
(10) બાળકોનું શોષણ થતું અટકાવવા શું શું કરવું જોઈએ ?

## SECTION - C

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના ત્રણ ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (15)**

(11) ભારતની એક કલા તરીકે માટીકામનો પરિચય આપો.
(12) મુઘલકાલીન સાહિત્યનો પરિચય આપો .

**અથવા**

કૃષિ ક્ષેત્રે આવેલા ટેકનિકલ અને સંસ્થાગત સુધારાની શી અસરો થઈ છે ?
(13) ટકાઉ વિકાસ માટેની વ્યૂહરચના કેવી રીતે ગોઠવવામાં આવી છે ?
(14) ઉત્પાદનનાં કયા કયા સાધનો છે ? ટૂંકમાં જણાવો.
(15) આવશ્યક ચિજ વસ્તુઓનો ધારો શું છે ?
ગ્રાહક સુરક્ષા મંડળની પ્રવૃતિઓ જણાવો.

## SECTION - D

**નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના ત્રણ ગુણ છે. માગ્યા મુજબ ઉત્તર આપો. (15)**

(16) પ્રાચીન ભારતે વૈદકવિદ્યા અને શૈલ્ય ચિકિત્સા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી હતી તેવું શાથી કહી શકાય ?
(17) ગરીબી નિવારણ માટે સરકારે ઘડેલી વ્યૂહરચનાનું વિવેચન કરો.

**અથવા**

(17) (અ) ગ્રાહકસુરક્ષા મંડળની પ્રવૃતિઓ ચર્ચો.
(બ) બાળમજૂરી માટે જવાબદાર કારણો લખો.
(18) તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો.
(1) સતલજ નદી
(2) કોર્બેટ નેશનલ પાર્ક
(3) ડાંગર પકવતો કોઈપણ એક પ્રદેશ
(4) લોખંડ – પોલાદ ઉદ્યોગનું કોઈપણ એક કેન્દ્ર
(5) દિલ્લીથી કોલકત્તા જતો રેલમાર્ગ – બે અટકસ્થાન સાથે

પેપર સેટરઃ**કેતનભાઈ ભટ્ટી** મો.૯૯૭૪૮ ૦૨૧૯૮ પરામર્શકઃ **ગિજુભાઈ ભરાડ**

**બોર્ડના તમામ વિષયોના પ્રેકટીસ પેપર, આઈએમપી પ્રશ્નો અને નિષ્ણાતોના સલાહ-સૂચન માટે www.aajkaaldaily.com ની મુલાકાત લો.**